# શહેરમાં મેઘરાજાએ ફરી હેત વરસાવ્યું

## વહેલી સવારે દોઢ ઇંચ વરસાદ : વહેલી સવારથી જ આકાશમાં ગોરંભાયેલા વરસાદી વાદળો વરસતા સેકટરોમાં પાણી ભરાયા : સિઝનનો ૨૦ ઇંચ વરસાદ થયો





ગાંધીનગર તા ૨૭

શહેરમાં છેલ્લા બે દિવસથી આકાશમાં ગોરંભાયેલા વાદળો વચ્ચે પણ વરસાદ હાથતાળી આપતા વાદળિયા વાતાવરણ વચ્ચે નગરજનોએ ઉકળાટ વેઠવાનો વારો આવ્યો હતો. જયારે આજે વહેલી પરોઢથી આકાશમાં ગોરંભાયેલા વરસાદી વાદળો વરસતા પલવારમાં જ સેકટરોમાં પાણી પાણી થઈ ગયુ હતુ. સવારના ૩૫ મી મી વરસાદ વરસ્યો હતો. જેના લીધે સેકટરોના નિચાણવાળા વિસ્તારમાં પાણી પાણી થઈ ગયુ હતુ. અત્યાર સુધી શહેરમાં સિઝનનો ૨૦ ઈંચ વરસાદ નોંધાયો છે.

ગાંધીનગરમાં અત્યાર સુધી સિઝનનો કુલ ૪૮૮ મી મી વરસાદ નોંધાયો છે. છેલ્લા બે દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદ હાથતાળી આપી જતો હતો. પરંતુ આજે વહેલી સવારથી મેઘરાજા મુડમાં આવતા શહેરમાં ચારેકોર પાણી પાણી થઈ ગયુ હતુ. સવારે પરોઢિયાના સમયે ૧૦ મી મી વરસાદ વરસ્યો હતો. જયારે ત્યારબાદ પણ એક ઈંચ વરસાદ થતા સેકટરોના માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. સવારે વરસાદના આગમનથી ચોમેર ઠંડક પ્રસરી હતી. સેકટરોમાં પણ માર્ગો તેમજ કોમન પ્લોટમાં વરસાદી પાણી ઉભરાયા હતા. નગરના મુખ્યમાર્ગો પર પણ વરસાદી પાણી ભરાયુ હતુ. પરંતુ વરસાદ બંધ થતા ઓફિસ અવર્સ પુર્વે વરસાદી પાણી ઓસરી ગયા હતા. વહેલી સવારે વરસાદી વાતાવરણ વચ્ચે શાળાએ જતા વિદ્યાર્થીઓએ પણ ભીંજાવાનો વારો આવ્યો હતો. જયારે વરસાદના લીધે શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી પણ પ્રભાવિત થઈ હતી. વહેલી સવારે વરસાદના સંજોગોમાં કેટલાક ઠેકાણે વૃક્ષો પણ ધરાશાયી થઈ

● અનુસંધાન પાન-૭ પર

## આવતીકાલ માટે ધન સંપત્તિની સાથોસાથ જળસંપત્તિ પણ ઉભી કરીએ

ટાઈમ પ્લીઝ

ગાંધીનગર, તા. ૨૭

સોશીયલ મીડિયા પર કાર્ટુન ફોર્મમાં બનેલ એક વીડિયો હાલમાં જ જોયો. જેમાં એક યુવાન ૫૦૦ રૂ.માં અડધી ડોલ જેટલુ પાણી પેટ્રોલ પંપ જેવા સ્થળેથી ખરીદે છે. માત્ર ગમ્મત ખાતર બનાવેલો આ વીડિયો પાણીની ગંભીર સમસ્યા તરફ ધ્યાન દોરે છે. ચારેબાજુ વરસાદી વાતાવરણ છે અને જ્યાં જુઓ ત્યાં પાણી પાણી છે તેવા સમયે જળસંકટની વાત ગમે તેવી નથી પરંતુ આકાશમાંથી વરસતા આ અમૃતને સંગ્રહી જળસંકટને જળશક્તિમાં પરિવર્તિત કરવાનુ તો આપણા જ હાથમાં છે ને..!

ગુજરાત જેવા પાણીની અછત ભોગવતા રાજ્યમાં મેઘરાજા જ્યારે મહેર કરે ત્યારે તેનુ એકપણ ટીંપુ વેડફાય તો તેના જેવો મોટો અપરાધ કોઈ નથી. ઉનાળામાં જળસંચય માટેના કામો જોશભેર થયા જેના કારણે ગુજરાતમાં આ વર્ષે પાણીનો સંગ્રહ સારો એવો થયો છે. પરંતુ આ પ્રયાસ પાશેરામાં પૂણી જેટલો ગણાય. ચોમાસુ ઉતરે એના ત્રણ-ચાર માસ બાદ પુનઃ આપણે પાણીની ખેંચની બુમરાણ મચાવવા લાગીએ છીએ. એનુ કારણ એ છે કે વસ્તી વધી છે સાથે જ પાણીનો વપરાશ વધ્યો છે. વળી તેની સામે પાણીના સંગ્રહની ક્ષમતા આપણે વધારી શક્યા નથી. તળાવો, સરોવરો અને બંધોમાં સંગ્રહાયેલુ પાણી બધે પહોંચી શકતુ નથી અને પહોંચી શકે તો પણ તે પુરતુ નથી. એટલે ખેતી માટે, ઔદ્યોગિક વપરાશ માટે અને પીવાના પાણી માટે ભુગર્ભ જળનુ દોહન કરવુ પડે છે. ભુગર્ભ જળ ખેંચવા માટે બોરવેલ ઠેર ઠેર બનાવેલા છે પરંતુ તળને જળથી પુનઃ ભરવા માટે રીચાર્જ બોરવેલ બનાવાયાના કિસ્સા ખૂબ ગણ્યા ગાંઠ્યા છે. એક અહેવાલ મુજબ ભુગર્ભ જળના તળ ૨૦૦થી ૩૦૦ ફૂટ નીચે જતા રહ્યાં છે જે આપણા માટે રેડ સિગ્નલ છે. જમીનમાં રહેલા પાણીના તળ ઉંચા આવશે તો ભાવિ પેઢીને આપણે પુરતુ પાણી આપી શકીશુ. ભાવિ પેઢી માટે જેમ આપણે સંપત્તિ સર્જન કરીએ છીએ તેમ જળસંપત્તિનો વારસો ઉભો કરવા માટે જાગ્યા ત્યાંથી સવાર.

હજુ સમય છે. આવતીકાલની સમૃદ્ધિ ઈચ્છતા હોઈએ તો જળસંપત્તિ, ધનસંપત્તિ કરતા પણ વધુ મૂલ્યવાન છે. બે દાયકા પૂર્વેના મકાનોમાં આપણે જોતા હતા કે, ઘરની વચ્ચોવચ્ચ પાણીનું ટાંકુ હોય અને દર ચોમાસે ટાંકુ ભરાય એવી મકાનની ડિઝાઈન હોય. અર્થાત્ વર્ષ દરમિયાન અન્યત્રથી પાણીની જરૂરિયાત ન રહે. આ છે જળસંચય એટલે આવતીકાલ માટેની દૃષ્ટિ.

## જિલ્લામાં સાર્વત્રિક વરસાદ બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં આજે સાર્વત્રિક વરસાદ થતાં વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. લોકોએ ભારે ઉકળાટમાં રાહત અનુભવી છે.

જિલ્લાના ચારેય તાલુકામાં સરેરાશ એક ઈંચ વરસાદ નોંધાયો છે. આ વરસાદને પગલે ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ડિઝાસ્ટર કંટ્રોલ રૂમના જણાવ્યાનુસાર જિલ્લામાં દહેગામ ખાતે એક ઈંચ, ગાંધીનગર તાલુકામાં દોઢ ઈંચ, કલોલમાં અર્ધો ઈંચ તો માણસામાં એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં સિઝનનો કુલ સરેરાશ વરસાદ ૫૧૮ મી.મી.

**ચારેય તાલુકામાં સરેરાશ એક ઇંચ વરસાદ**

થયો છે જે ગત વર્ષની તુલના કરતાં ઘણો વધારે છે. ગત વર્ષે આ સમયે જિલ્લાનો સરેરાશ વરસાદ ૨૯૧ મી.મી. નોંધાયો હતો.

જિલ્લામાં અત્યાર સુધીમાં સૌથી વધુ વરસાદ કલોલ તાલુકામાં ૬૫૫ મી.મી., દહેગામમાં ૫૨૧ મી.મી., માણસામાં ૫૦૯ મી.મી. અને ગાંધીનગર તાલુકામાં ૩૮૮ મી.મી. વરસાદ નોંધાઈ ચુક્યો છે.

વહેલી સવારે થયેલા આ વરસાદ પછી બપોરે તડકો નીકળતાં ખેડૂતોએ ખુશીની લાગણી વ્યક્ત કરી હતી. પાકને પિયત મળી જતાં અને પછી વરાપ નીકળતાં નવી વાવણી વેગીલી બની છે. જોકે જિલ્લામાં દિવેલાના વાવેતરમાં હજુ વૃદ્ધિ થશે તેમ ખેડૂતોનું કહેવુ છે.

## સે-૬માં જ-કક્ષાના ૮૪ જોખમી બ્લોક તોડી નાંખવામાં આવશે

### નવા આવાસોના નિર્માણ માટે ભયજનક મકાનો તોડી જગ્યા ખુલ્લી કરાશે : તંત્રએ ૫૦૪ મકાનો તોડવા માટે વિભાગને દરખાસ્ત કરી

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં સરકારી આવાસો ખંડેર હાલતમાં છે. જોખમી આવાસોને તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. હજુ પણ નવા આવાસો બનાવવા માટે આયોજન કરવામા આવ્યુ છે. બીજીતરફ જુના અને કંગાળ આવાસો તોડીને જગ્યા ખુલ્લી કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરાઈ છે. સે-૬ માં જ કક્ષાના ૮૪ બ્લોક પણ તોડી નાંખવામાં આવશે આ માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત પણ કરી દેવામાં આવી છે.

ગાંધીનગરમાં રહેણાંકને લાયક સરકારી આવાસો નહીંવત બચ્યા છે. અલબત્ત નિકાલ હેઠળના મકાનો તોડવાની પ્રક્રીયાના અંતે એક દાયકાથી તબક્કાવાર ભયજનક આવાસોનો પણ કડુસલો કરવામાં આવી રહ્યો છે. જયારે આ માટે તંત્ર દ્વારા અગાઉ સર્વે પણ હાથ ધરાયો હતો. જેના અંતે સેકટરોમાં જોખમી આવાસોને વિવિધ કેટેગરીમાં મુકીને તબક્કાવાર મકાનો તોડવા માટે પણ વિભાગને દરખાસ્ત કરવામાં આવી રહી છે. હાલ શહેરમાં જુના અને કંગાળ આવાસો તોડીને નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં સે-૭,સે-૨૯ અને સે-૩૦ માં નવા આવાસો તૈયાર કરી દેવાયા છે. જયારે આ પૈકી સે-૭ અને સે-૨૯ માં કર્મચારીઓના પરિવારજનાનો વસવાટ પણ કરી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## મનપાના ઢોર ડબ્બાની સલામતિ માટે સઘન પગલાં લેવાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મનપા સંચાલિત ઢોર ડબ્બામાંથી પશુઓ છોડાવી જવાની બનેલી ઘટનાના પગલે હરકતમાં આવેલ તંત્રએ સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ઉપરાંત તેની કમ્પાઉન્ડ વોલ પણ વધુ ઉંચી કરવા અને સિક્યોરીટી સ્ટાફમાં મેન પાવર વધારવા સહિતના પગલાંઓ લેવાનો નિર્ણય કરેલ છે.

મળતી વિગતો પ્રમાણે ઢોર ડબ્બામાં ચોતરફ સીસીટીવી કેમેરા મુકવામાં આવશે જેથી તમામ ખૂણે થતી હરકતોનો ખ્યાલ આવશે. આ ઉપરાંત હાલ ઢોર ડબ્બાની જે કમ્પાઉન્ડ વોલ છે તેની ઊંચાઈમાં પણ બે થી ત્રણ મીટરનો વધારો કરવાની વિચારણા હાથ ધરાઈ છે.

આ માટેના નકશા અંદાજો તૈયાર કરવાની સૂચના આપી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત આ સ્થળે જ સિક્યોરીટી સ્ટાફ છે તેના સંખ્યાબળમાં વધારો કરવામાં આવશે એટલુ જ નહિ ત્યાં પેટ્રોલીંગ રાઉન્ડ પણ શરૂ કરવામાં આવશે.

ઢોર ડબ્બામાંથી જન્માષ્ટમીના પર્વે ઢોર એક ટોળુ આવીને છોડાવી ગયાની બનેલી ઘટનાને તંત્રએ ગંભીરતાથી લીધી છે. આ બનાવમાં પોલીસ ફરિયાદ પછી ૧૩ જેટલા ઈસમોને પકડવામાં પણ આવ્યા છે અને તપાસ પોલીસે સઘન બનાવી છે જે નોંધનીય છે.



બિલીપત્ર - પવિત્ર શ્રાવણ માસમાં ભગવાન શંકરને ચઢાવવા માટે બિલીપત્રની માંગ ખૂબ જ રહી... ભારતીય સંસ્કૃતિમાં શીવજીને બિલીપત્ર પ્રિય હોવાની માન્યતા પ્રવર્તે છે... એટલે દર શ્રાવણ માસે બિલીના પાન ઠેર ઠેર વેચાય છે... અને મોટાભાગના શીવભક્તો રોજ ૫-૧૧ કે ૧૦૮ બિલીપત્ર શીવજી પ્રસન્ન કરવા જાપ સાથે ચડાવે છે... બસ હવે શ્રાવણ અંતિમ ચરણમાં છે ત્યારે શીવભક્તો મોટી માત્રામાં બિલીપત્ર મંગાવે છે...

## આયુષ્યમાન ભારત યોજનાની કામગીરી ૩૧ ઓક્ટો. સુધીમાં પૂર્ણ કરો : ડીડીઓ

ગાંધીનગર, તા. ૨૭

આયુષ્યમાન ભારત જે કેન્દ્રના આરોગ્ય વિભાગની મહત્વાકાંક્ષી યોજનામાં બાકી રહેલા તમામ લાભાર્થીઓને આગામી ૩૧મી ઓક્ટો. સુધીમાં આવરી લેવામાં આવે તેવી કડક તાકીદ જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે કરી છે.

જિલ્લાના તમામ તબીબી અધિકારીઓની આજે યોજાયેલ સમીક્ષા બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ રાજયકક્ષાએ જિલ્લાનો ક્રમ ૧૪મા સ્થાને હોવાને લઈ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે જે પી.એચ.સી. કે સબ સેન્ટરમાં કામગીરી નબળી હોય ત્યાં જન જાગૃતિ કરવામાં આવે તેમજ વિશેષ કેમ્પો કરી અને છેલ્લામાં છેલ્લા લાભાર્થી સુધી પહોંચવુ જરૂરી છે.

તેમણે કહ્યુ કે ગોલ્ડન કાર્ડ આપવા એટલુ જ નહિ પણ જિલ્લામાં આરોગ્ય સેવાઓનું સઘનીકરણ થાય તે પણ એટલુ જરૂરી છે. ચોમાસામાં પાણીજન્ય રોગચાળો કે વાહકજન્ય રોગચાળાની સ્થિતિ ઉભી જ ન થાય તે દિશામાં તંત્રે સતર્ક રહી કામગીરી કરવી જોઈએ.

લક્ષ્યાંક સિદ્ધિની સાથે સાથે ગુણવત્તાસભર સેવાઓ પણ મહત્વની છે. તેમણે મેલેરિયાની ટીમ દ્વારા થઈ રહેલ કામગીરીને લઈ આજની બેઠકમાં અભિનંદન પણ આપ્યા હતા. તેમણે કહ્યુ કે ૪૮ ટકા જેટલી કામગીરી આયુષ્યમાન ભારતમાં થઈ છે અને ૯૦૦થી વધુ ક્લેઈમ રજુ થયા છે તે સરાહનીય છે પરંતુ યોજનાનો લાભ તેના છેલ્લા લાભાર્થીને પહોંચાડીએ ત્યારે જ સાચો સંતોષ થાય.

આજની આ સમીક્ષા બેઠકમાં ડીસ્ટ્રીક્ટ હેલ્થ મિશનની વિવિધ યોજનાઓની પણ સમીક્ષા કરાઈ હતી તેમજ જે યોજનાઓમાં ઓછી કામગીરી જણાઈ છે તેમાં સુધાર આવે તેના પર ભાર મુકવામાં આવ્યો હતો. જનની સુરક્ષા યોજના, બાલ સખા યોજના, કસ્તુરબા પોષણ યોજનાઓના અમલીકરણમાં વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે તેના પર પણ ભાર મુકવામાં આવ્યો હતો. રસીકરણના કાર્યક્રમોમાં પણ કોઈ છુટી ના જાય તે માટે માઈક્રો પ્લાનીંગથી આગળ વધવા જણાવાયુ છે.

## શહેરના માર્ગો તેમજ ફુટપાથના ગાબડા પુરવા સર્વે હાથ ધરાશે

### દિવાળી પુર્વે રસ્તા અને ફુટપાથની કાયાપલટ કરવા માટે આયોજન

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન ફુટપાથ અને માર્ગોનુ ધોવાણ થયુ છે. જયારે માટી પોલાણ થવાના લીધે ઠેર ઠેર મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. આ મામલે તંત્ર દ્વારા કોર્પોરેશનને પત્ર લખી યોગ્ય માટી પુરાણ કરવા માટે પણ જણાંવાયુ છે. જયારે વરસાદી દિવસોના અંતે તંત્ર દ્વારા સર્વે હાથ ધરીને ફુટપાથના ગાબડા પુરવા માટે પણ કામગીરી હાથ ધરાશે. આ ઉપરાંત માર્ગોની નુકશાનીનો પણ તાગ મેળવીને રોડ નેટવર્કની જાળવણીની કામગીરી હાથ ધરવા માટે પણ સર્વે કરાશે. ચોમાસાના અંતે શહેરમાં બાકી રહેતી માર્ગ સુધારણાની કામગીરી પણ હાથ ધરાશે.

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં ઠેર ઠેર દુવિધાઓ સર્જાઈ છે. શહેરમાં રખડતા ઢોર અને ગંદકીની સમસ્યા પેચીદી બની છે. ત્યારે માર્ગ વચાળે મોટામસ ગાબડા ઉપરાંત રસ્તાઓ આસપાસ સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીના અંતે યોગ્ય માટી પુરાણ ન થતા વરસાદમાં માટી પોલાણના લીધે ભયજનક સ્થિતિ સર્જાઈ છે. બીજીતરફ વરસાદના લીધે માર્ગોનુ ધોવાણ થવાના લીધે ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. ફુટપાથ પણ ખોદકામના અંતે ધોવાઈ ગઈ છે. ફુટપાથ પરની ટાઈલ્સ તુટીને વિખેરાઈ ગઈ છે. કેટલાક ઠેકાણે વોક વે જમીનમાં ખુપી ગયો છે. આવા સંજોગોમાં સ્થાનિક સેકટરવાસીઓ માટે જોખમી સ્થિતિ સર્જાઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લા પ્રોગ્રામ અધિકારી બદલાયા

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં જિલ્લા પ્રોગ્રામ અધિકારી શ્રીમતિ દક્ષાબેન ચૌહાણની આજે સાંજે બદલી કરવામાં આવી છે.

રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા બદલીના કરાયેલા આ હુકમમાં તેમની બદલી દાહોદ ખાતે કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં હાલ પ્રોગ્રામ અધિકારીની જગ્યા ખાલી રાખવામાં આવી છે.

આજે પાંચ જેટલા પ્રોગ્રામ અધિકારીઓની બદલીના હુકમો કરાયા છે. જેમાં આ બદલીના હુકમોની તાત્કાલિક અસરથી અમલવારી કરવા સૂચનાઓ પણ આપવામાં આવી છે.


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com